eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 213
January 29, 2010

## કતારગામ ઝોનની કામગીરી

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં આજે તા.૨૨/૦૧/૧૦ના રોજ કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા લિંબાયત ઝોન ખાતે વિકાસના પ્રકલ્પો પ્રજાને અર્પણ



સુરત મહાનગરપાલિકા ધ્વારા વિકાસના પ્રકલ્પો પ્રજાને અર્પણ કરવાની શૃંખલામાં તા. ૨૨/૦૧/૧૦ના રોજ લિંબાયત ઝોન ખાતે અંદાજે રૂા. ૩૫,૫૭,૩૯૨/– ના ખર્ચે તૈયાર થયેલ શહેરી આરોગ્ય કેન્દ્ર, આંજણાનું ઉદઘાટન તથા લિંબાયત ઝોનમાં ડીંડોલી ખાતે ટી.પી.સ્કીમ નં. ૪૧, ફા.પ્લોટ નં. આર–૧૭ ખાતે અંદાજે ૧ કરોડ ૨૭ લાખના ખર્ચે બનનાર પ્રાથમિક શાળાનું ખાતમુહૂર્ત કરવામાં આવેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા આયોજિત ૧૦ મો રાષ્ટ્રીય પુસ્તક મેળો "વિદ્યા–૨૦૧૦", ૮ મો રાષ્ટ્રીય બાગાયત અને હર્બલ પુષ્પ પ્રદર્શન મેળો "સુમન–૨૦૧૦" અને બીજો રાષ્ટ્રીય ઈન્ફોરમેશન અને ટેકનોલોજી મેળો



સુરત મહાનગરપાલિકા ધ્વારા આયોજિત ૧૦ મો રાષ્ટ્રીય પુસ્તક મેળો "વિદ્યા–૨૦૧૦", ૮ મો રાષ્ટ્રીય બાગાયત અને હર્બલ પુષ્પ પ્રદર્શન મેળો "સુમન–૨૦૧૦" અને બીજો રાષ્ટ્રીય ઈન્ફોરમેશન અને ટેકનોલોજી મેળો તા. ૨૨/૦૧/૧૦ થી ૨૭/૦૧/૧૦ દરમ્યાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ,અઠવાગેટ,સુરત ખાતે મૂર્તિમંત થયેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા ઉધના ઝોન ખાતે વિકાસના પ્રકલ્પો પ્રજાને અર્પણ



સુરત મહાનગરપાલિકા ધ્વારા વિકાસના પ્રકલ્પો પ્રજાને અર્પણ કરવાની શૃંખલામાં તા.૨૫/૦૧/૧૦ના રોજ ઉધના ઝોન ખાતે અંદાજે રૂા.૧.૮૪ લાખના ખર્ચે બમરોલી વિસ્તારમાં તૈયાર થયેલ તુલસીધામ સોસાયટી અને જયઅંબે નગર સોસાયટીને જોડતા પુલની તથા વિજયાનગર ખાતે ટી.પી.સ્કીમ નં. ૨(ઉધના) ફા.પ્લોટ નં. ૭૭ ખાતે અંદાજે રૂા.૧,૧૩,૩૪,૦૦૦/–ના ખર્ચે તૈયાર થયેલ સુમન શાળા નં. ૬ (મરાઠી માધ્યમ)ની ઉદઘાટનવિધિ શ્રી શશીકાંતભાઈ દાલીયા, અધ્યક્ષશ્રી,જાહેર બાંધકામ સમિતિના વરદહસ્તે તથા મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાના પ્રમુખપદે સંપન્ન થઈ હતી ...

વધુ માટે કલીક કરો >>>>>>



## ભારતના રાષ્ટ્રીય પર્વ એવા પ્રજાસત્તાકદિનની ઉજવણી નિમિત્તે તા.૨૬–૦૧–૨૦૧૦ને મંગળવારનાં રોજ સવારે ૯.૩૦ કલાકે વરાછા ઝોન ખાતે ધ્વજવંદનના કાર્યક્રમનું આયોજન

ભારતના રાષ્ટ્રીય પર્વ એવા પ્રજાસત્તાકદિનની ઉજવણી નિમિત્તે તા.૨૬–૦૧–૨૦૧૦ને મંગળવારનાં રોજ સવારે ૯.૩૦ કલાકે સ્પોર્ટસ કોમ્પલેક્ષ,હાઈટેન્શન લાઈનરોડ,ફુલપાડા,વરાછા ઝોન ખાતે મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાના વરદ્હસ્તે ધ્વજવંદનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે મેયરશ્રીએ પોતાના વકતવ્યમાં જણાવ્યુ હતું કે ૬૧મો પ્રજાસત્તાક દિન નિમિત્તે ધ્વજવંદન કાર્યક્રમ પ્રસંગે હું આનંદ અને ગૌરવની લાગણી અનુભવુ છુ. સમગ્ર રાષ્ટ્ર આજે ૬૧ મો પ્રજાસત્તાક દિવસ હર્ષભેર ઉજવી રહયું છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## કતારગામ ઝોનની કામગીરી

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં આજે તા.૨૨/૦૧/૧૦ના રોજ કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે.

ડ્રાફટ ટી.પી.સ્કીમ નં. ૨૩ (ઉત્રાણ–કોસાડ), મોજે કોસાડ,બ્લોક નં. ૧૧૫માં આવેલ ઓમ નગર સોસાયટી ઘર નં.બી/૧૨ માં કરવામાં આવેલ અંદાજીત ૪૧૫ ચો ફુટનું ગેરકાયદે બાંધકામ દૂર કરી રૂા.૧૦,૦૦૦/અ વહીવટી ચાર્જ પેટે વસુલ લેવામાં આવેલ છે.

મોજે અમરોલી, તાપી નદીના પાળા ઉપર ગાંધારી આશ્રમની જગ્યામાં આશરે ૩૦૦ ચો.ફુટ જગ્યામાં કોલમ તથા ગ્રાઉન્ડ બીમનું બાંધકામ દુર કરવામાં આવેલ છે. તેમજ સ્ટીલ જમા લેવામાં આવેલ છે.

વધુમાં ટી.પી.સ્કીમ નં. ૨૩ (ઉત્રાણ–કોસાડ)માં કૈલાશનગર, હરીઓમ નગર,મીરાનગર વગેરેમાંથી પસાર થતો ટી.પી. રસ્તામા તેમજ મીરાનગરના સી.ઓ.પી.માં સોસાયટીના રહીશો તરફથી આશરે ૭૫૦ ચો.ફુટ જગ્યામાં મંદિરનું બાંધકામ શરૂ કરવામાં આવેલ તે તાકીદે અટકાવી ફુટીંગનાં ખાડા પુરી દેવામાં આવેલ છે.

TOP

# સુરત મહાનગરપાલિકા ધ્વારા લિંબાયત ઝોન ખાતે વિકાસના પ્રકલ્પો પ્રજાને અર્પણ



સુરત મહાનગરપાલિકા ધ્વારા વિકાસના પ્રકલ્પો પ્રજાને અર્પણ કરવાની શૃંખલામાં તા. ૨૨/૦૧/૧૦ના રોજ લિંબાયત ઝોન ખાતે અંદાજે રૂા. ૩૫,૫૭,૩૯૨/– ના ખર્ચે તૈયાર થયેલ શહેરી આરોગ્ય કેન્દ્ર, આંજણાનું ઉદઘાટન તથા લિંબાયત ઝોનમાં ડીંડોલી ખાતે ટી.પી.સ્કીમ નં. ૪૧, ફા.પ્લોટ નં. આર–૧૭ ખાતે અંદાજે ૧ કરોડ ૨૭ લાખના ખર્ચે બનનાર પ્રાથમિક શાળાનું ખાતમુહૂર્ત કરવામાં આવેલ જે અંગેનો મુખ્ય સમારોહ ડીંડોલી ખાતે ગાયત્રીનગર સોસાયટીની સામે,શિવાજી રો હાઉસની પાછળ,ઈશ્વરપુરા નવાગામ ખાતે રાખવામાં આવેલ.

સૌ પ્રથમ ડુંભાલ ટેનામેન્ટની સામે મીઠી ખાડી રોડ, આંજણા, સુરત ખાતે સાકારિત થયેલ હેલ્થ સેન્ટરની ઉદઘાટનવિધિ શ્રી સતીષભાઈ પટેલ, અધ્યક્ષશ્રી,રૂગ્ણાલય,વૈદકીય રાહત અને તંદુરસ્તીવર્ધક સમિતિના હસ્તે કરવામાં આવી હતી. આ પ્રસંગે પ્રમુખશ્રી,મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ,શાસક પક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલ, ન.પ્રા.શિ.સમિતિના અધ્યક્ષશ્રી રૂપીનભાઈ પચ્ચીગર તથા વિવિધ સમિતિઓના અધ્યક્ષશ્રીઓ,મ્યુ. સભ્યશ્રીઓ વિગેરે ઉપસ્થિત રહયા હતા.

ડીંડોલી રોડ ખાતે યોજવામાં આવેલ મુખ્ય સમારોહમાં ડીંડોલી ખાતે સાકારિત થનાર સુમન સ્કુલની ખાતમુહૂર્તવિધિ જાહેરબાંધકામ સમિતિના અધ્યક્ષશ્રી શશીકાંતભાઈ દાલીયાના શુભ હસ્તે કરવામાં આવી હતી. સીટી ઈજનેરશ્રી વી.ડી.પટેલે સૌ આમંત્રિત મહેમાનોનું સ્વાગત કરતાં જણાવ્યું હતું કે રૂા. ૧.૨૭ કરોડના ખર્ચે બંધાનાર શાળામાં ૨૯ ઓરડાઓ હશે. ત્યારબાદ મંચ ઉપર ઉપસ્થિત મહાનુભાવોનું પુષ્પગુચ્છ અને સુતરની આંટીથી સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી, મુકેશભાઈ દલાલે પોતાના પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે શહેરના અન્ય ઝોનોની જેમ લિંબાયત ઝોનમાં પણ પ્રાથમિક સુવિધા સહિત અન્ય વિવિધ પ્રકલ્પો જેવા કે સ્વીમીંગ પુલ, બાગ, રસ્તા, પાણી વિગેરેની સુવિધા આપવા મહાનગરપાલિકા કટીબધ્ધ છે. આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક શાળાની સુવિધાથી આ વિસ્તારના લોકોને આરોગ્ય અને ઉચ્ચ શિક્ષણની સુવિધા ઉપલબ્ધ થશે.






આ પ્રસંગે સમારંભના પ્રમુખશ્રી મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાએ જણાવ્યું હતું કે સુરત મહાનગરપાલિકા શહેરી પ્રાથમિક સુવિધાની સાથે સાથે અન્ય સુવિધાઓ આપવા કટિબધ્ધ છે. શહેરીજનોના સાથ સહકારથી શહેરનો વિકાસ શકય બન્યો છે. હાલમાં મીડલ રીંગરોડ, ગોડાદરા–રેલ્વે ઓવરબ્રિજ તથા સુરત નવસારીને જોડતા રોડના આયોજનથી ટ્રાન્સપોટેશનની સમસ્યા હલ થશે. તથા ડ્રેનેજ અને પાણીની સુવિધાઓ આપવાની કામગીરી ચાલી રહી છે જે ટુંક સમયમાં પુર્ણ કરવામાં આવશે. આ વિસ્તારની જનતાને પ્રાથમિક સુવિધા અને આરોગ્ય કેન્દ્રની સુવિધાનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. આજે સુરત સમગ્ર ગુજરાતમાં સમૃધ્ધ છે. સુવિધાઓ આપવાની સાથે સાથે અમો શહેરીજનો પાસે શેરી–મહોલ્લાની સફાઈ એક જ વાર થાય તેવો સહકાર ઈચ્છીએ છીએ તથા શહેરી જનોના બાળકોની વર્ષગાંઠ નિમિત્તે એક ઝાડ રોપવાનું સુચન પણ કર્યુ હતું. શહેરી જનોની સુખાકારીને ધ્યાનમાં રાખીને વધુને વધુ સુવિધાયુકત સગવડો પુરી પાડવા જણાવ્યું હતું.

અંતમાં સમારંભમાં ઉપસ્થિત રહેવા બદલ જાહેર બાંધકામ સમિતિના અધ્યક્ષશ્રી શશીકાંતભાઈ દાલીયા ધ્વારા સૌનો આભાર માનવામાં આવ્યો હતો. આ પ્રસંગે મહાનુભાવો ઉપરાંત વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ,મ્યુ.સદસ્યશ્રીઓ,અધિકારીઓ,ચેનલોના પ્રતિનિધિઓ અને વિશાળ સંખ્યામાં જાહેર જનતા ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા આયોજિત ૧૦ મો રાષ્ટ્રીય પુસ્તક મેળો ''વિદ્યા–૨૦૧૦'', ૮ મો રાષ્ટ્રીય બાગાયત અને હર્બલ પુષ્પ પ્રદર્શન મેળો ''સુમન–૨૦૧૦'' અને બીજો રાષ્ટ્રીય ઈન્ફોરમેશન અને ટેકનોલોજી મેળો



સુરત મહાનગરપાલિકા ધ્વારા આયોજિત ૧૦ મો રાષ્ટ્રીય પુસ્તક મેળો ''વિદ્યા–૨૦૧૦'', ૮ મો રાષ્ટ્રીય બાગાયત અને હર્બલ પુષ્પ પ્રદર્શન મેળો ''સુમન–૨૦૧૦'' અને બીજો રાષ્ટ્રીય ઈન્ફોરમેશન અને ટેકનોલોજી મેળો તા. ૨૨/૦૧/૧૦ થી ૨૭/૦૧/૧૦ દરમ્યાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ,અઠવાગેટ,સુરત ખાતે મૂતિમંત થયેલ છે. જેનું ઉદઘાટન તા.૨૨/૦૧/૧૦ના રોજ સાંજના ૪.૦૦ કલાકે મા. વરિષ્ઠ પત્રકાર શ્રી કાંતિભાઈ ભટ્ટના વરદહસ્તે કરવામાં આવેલ.

કાર્યક્રમનો શુભારંભ સરસ્વતી વિદ્યાલયના વિદ્યાર્થીઓ ધ્વારા પ્રાર્થનાથી કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા કમિશનરશ્રી કુ.એસ.અપર્ણાએ જણાવ્યું હતું કે સુરત મહાનગરપાલિકા રસ્તા,પાણી,સફાઈ વગેરેની પ્રાથમિક સુવિધાઓ તો આપે જ છે પણ સુરતને સાહિત્યપ્રેમી જનતાની લાગણીને ધ્યાનમાં રાખી પુસ્તકમેળાની પ્રવૃતિઓ પણ યોજે છે. આજનો પુસ્તક મેળો થોડોક સવિશેષ છે કારણ કે આજે ગુજરાતના ખ્યાતનામ કવિ–લેખક–સાહિત્યકાર શ્રી ભગવતીકુમાર શર્માનું જાહેર સન્માન પણ રાખવામાં આવેલ છે.શહેરીજનોના પ્રોત્સાહન અને સહયોગથી જ અમારા પ્રયત્નોને સફળતા સાંપડી છે.

મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા ધ્વારા શ્રી ભગવતીકુમાર શર્માનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ. તે સાથે તેમને મોમેન્ટો,સન્માનપત્ર તથા રૂા.૧,૧૧,૧૧૧/–નો ચેક અર્પણ કરવામાં આવેલ હતો.

ત્યારબાદ અન્ય આમંત્રિત મહાનુભાવોનું ખેસ–શાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ.

શાસકપક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલે તેમના પ્રવચનમાં જણાવ્યું હતું કે આજનો સમારંભ એ ત્રિવેણી સંગમ જેવો છે. આજના સુંદર આયોજન બદલ સૌને અંભિનંદન આપ્યા હતા.

સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી મુકેશ દલાલે સુરતની ઓળખ,સુરતનું ગૌરવ એવાશ્રી ભગવતીકુમાર શર્માના સન્માનનો સાક્ષી બની ધન્ય બની ગયો હોવાનું જણાવ્યું હતું. સુરતની પ્રજાના તેઓ ફ્રેન્ડ,ફીલોસોફર અને ગાઈડ હોવાનું જણાવ્યું હતું.

સંયુકત બાગાયત નિયામકશ્રી, ગુજરાત રાજય શ્રી અનિલભાઈ પટેલે છેલ્લા વર્ષોમાં સુરતની કાયાપલટ થઈ હોવાનું જણાવ્યું હતું. શહેરને સ્વચ્છ રાખવાની પ્રજા તરીકે આપ સૌની પણ ફરજ છે તેવું જણાવી મહાનગરપાલિકા તરફથી પુરી પાડવામાં આવતી સગવડોનો વિવેકપુર્ણ ઉપયોગ કરવા જણાવ્યું હતું. તથા શહેરીજનોને તુલસી તથા ગુલાબનો છોડ રાખવાનો સંકલ્પ કરવા સુચન કર્યુ હતું.

પુસ્તક મેળાના ઉદઘાટક અને વરિષ્ઠ પત્રકારશ્રી કાંતિભાઈ ભટ્ટે તેમના પ્રવચનમાં જણાવ્યું હતું કે શહેરમાં નર્મદ લાયબ્રેરી જોઈને હું ઘણો જ પ્રભાવિત થયો છું. પુસ્તક મેળામાં આ હોલને આપણે ત્રણ નામ આપવા જોઈએ. બ્રહમા,વિષ્ણુ,મહેશ. બ્રહમા એ વિચારોના સર્જક છે.વિષ્ણુ એ પોષક છે. અને મહેશ એ રીઝે તો આપે અને ખીજે તો નાશ કરે છે. અર્થાત મહેશ એટલે ઈન્ફોર્મેશન ટેકનોલોજીને આપણે કંટ્રોલમાં રાખવી જોઈએ. ઘણા મિત્રો એકલતાની ફરિયાદ કરે છે. પણ પુસ્તકોને મિત્રો બનાવશો તો તે કયારેય બેવફા થતા નથી અને એ આપણા મફતિયા સાથી છે. જે આપણને વિચારોના વૃંદાવનમાં અને રણમાં પણ લઈ જાય છે. મેં ૪૫ વર્ષથી અંખડ લખ્યું છે. પુસ્તકોએ મારી પીડાને ટાળી છે. એક રશિયન લેખકે કહયું છે કે પુસ્તકો સારા મિત્રો છે. જે મને વિચારોની બાબતમાં ધનિક બનાવે છે. આજે યુવા પેઢીનું વાંચન ઘટયું છે. પરંતુ આપણે જ પુસ્તકો ખરીદવાની પહેલ કરીશું તો આપણા બાળકો તે પુસ્તકો જરૂર વાંચશે. આમ આપણે ભાવિ પેઢીમાં સંસ્કાર સિંચન કરી શકીશું.

**Continue …**





મૂર્ધન્ય સાહિત્યકાર શ્રી ભગવતી કુમાર શર્માએ તેમના ઉદબોધનમાં જણાવ્યું હતું કે સંસ્કૃતમાં ઉકિત છે તેના અનુવાદ મુજબ ભારતમાં જન્મ મળવો એ અત્યંત દુલર્ભ છે જે ભાગ્યે જ કોઈને પ્રાપ્ત થાય એવી ઘટના છે જેમા મે સુધારો કર્યો છે કે સુરતમાં જન્મ મળવો એ અત્યંત દુર્લભ છે જે મારા જીવનનું સૌથી મોટું સદભાગ્ય છે કે હું સુરતમાં જન્મ્યો છું. આજે પણ સુરતમાં છું અને મારા અંતિમ શ્વાસ પણ સુરતમાં છુટે એવી મારી ઈચ્છા છે. આપણે નર્મદનગરમાં જન્મ લીધો છે તે પરમ સૌભાગ્ય છે. ૭૬ વર્ષના જીવનકાળમાં શહેરની અનેક ચડતી પડતી જોઈ છે તેમ સુરત સુધરાઈ, સુરત નગરપાલિકા અને સુરત મહાનગરપાલિકાના ઘણા સોપાનો મેં જોયા છે. એક સમયે આ શહેર ગંદુ,ગોબરું અને પ્રાથમિક સુવિધાના અભાવવાળું હતું જેને સુરતીઓ પહેલા મંછીપાલી કહેતા તે સમયે આ મંછીપાલીનું કાર્ય ઘણું સિમિત હતું. સુધરાઈના પ્રમુખ ગોરધનદાસ ચોખાવાલાએ મેયરપદ સંભાળ્યા બાદ સુવિધામાં સુધારા થતા ગયા. ત્યારબાદ એક તબકકે કહેવાતા પ્લેગના રોગે શહેરનો ભરડો લીધો. અને ત્યારબાદ શહેરીજનોના સહયોગથી જે કાયાપલટ થઈ તે આજ સુધી અવિરતપણે ચાલુ છે. એક સમયે જરીની નગરી તરીકે પ્રખ્યાત આ શહેર વિવિધ તબકકાઓમાં કાપડ/ટેક્ષ્ટાઈલ,ડાયમંડ નગરી તરીકે અને આજે સીટી ઓફ ફલાયઓવર્સ તરીકે ઓળખાય છે. જે માટે શાસકો અભિનંદનને પાત્ર છે. આજે જયારે સુરતની પ્રગતિને જોઉં છું ત્યારે મને થાય છે કે મારા સુરતને કોઈની નજર ન લાગે. લોકશાહી હંમેશા તકેદારી માંગે છે. શહેરની સ્વચ્છતા પણ કાયમ તકેદારી માંગે છે. શહેરના સૌંદર્યમાં આપણે સૌ સહયોગી બનીએ. મહાનગરપાલિકા છેલ્લા ૩૫ વર્ષથી નાટય સ્પર્ધાઓનું આયોજન કરે છે. જેના ધ્વારા સૌથી સારા પ્રયોગશીલ નાટકો થાય છે. મહાનગરપાલિકાનું બીજું મોટુ પગલું છે નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય. જેના ધ્વારા નર્મદનું યદકિંચિત ૠણ અદા કર્યુ છે અને મહાનગરપાલિકાનું ત્રીજુ પગલું એટલે પુસ્તક મેળો, બાગાયત મેળો અને ઈન્ફોર્મેશન ટેકનોલોજીનો મેળો.

સુરત મહાનગરપાલિકાએ આજે જે મારું સન્માન કર્યુ છે એ સન્માનથી હું ગદગદિત થયો છું. હું શબ્દોનો માણસ હોવા છતાં મારી પાસે શબ્દો નથી. મારું સન્માન કર્યુ એ તો ઠીક છે પરંતુ મને જે ભેટ તરીકે રકમ અપાઈ છે તે સ્વીકારતા મારા હાથ ધ્રુજે છે. આ રકમ શહેરની સાહિત્યની પ્રવૃત્તિના વિકાસ માટે પાછી આપવા માંગું છું. અને મહાનગરપાલિકા એનો સહર્ષ સ્વીકાર કરે એવી મારી પ્રાર્થના છે.

સમારંભના પ્રમુખ મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાએ પોતાના પ્રવચનમાં જણાવ્યું હતુ કે મહાનગરપાલિકા પ્રાથમિક સુવિધા ઉપરાંત અન્ય વિવિધ પ્રવૃત્તિઓ પણ સમયાંતરે કરતી આવી છે. શહેરીજનોની વાંચનભૂખ સંતોષવા માટે છેલ્લા ૧૦ વર્ષથી પુસ્તકમેળાનું આયોજન કરતી આવી છે. પુસ્તકો માનવ સંસ્કૃતિના મૂક સાક્ષી રહયા છે જે વાચકો ધ્વારા પ્રકટ થતા હોય છે. પુસ્તકો અબોલ છે. પણ તેઓ વિશ્વને પલટી નાંખવાની શકિત ધરાવે છે. તેથી જ લોકમાન્ય તિલકે કહયું છે કે હું નરકમાં પણ ઉત્તમ પુસ્તકોનું સ્વાગત કરીશ. કારણ કે પુસ્તકો જયા હશે ત્યા સ્વર્ગની રચના કરશે. આજે મૂર્ધન્ય સાહિત્યકાર શ્રી ભગવતીકુમાર શર્માનું સન્માન કરવાનું જે સૌભાગ્ય મને મળ્યું છે જે મારા માટે ગૌરવપ્રદ બાબત છે.

અંતમાં,સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ શ્રીમતિ મંજુલાબેન સાવલિયા ધ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

TOP

# સુરત મહાનગરપાલિકા ધ્વારા ઉધના ઝોન ખાતે વિકાસના પ્રકલ્પો પ્રજાને અર્પણ



સુરત મહાનગરપાલિકા ધ્વારા વિકાસના પ્રકલ્પો પ્રજાને અર્પણ કરવાની શૃંખલામાં તા.૨૫/૦૧/૧૦ના રોજ ઉધના ઝોન ખાતે અંદાજે રૂા.૧.૮૪ લાખના ખર્ચે બમરોલી વિસ્તારમાં તૈયાર થયેલ તુલસીધામ સોસાયટી અને જયઅંબે નગર સોસાયટીને જોડતા પુલની તથા વિજયાનગર ખાતે ટી.પી.સ્કીમ નં. ૨(ઉધના) ફા.પ્લોટ નં. ૭૭ ખાતે અંદાજે રૂા.૧,૧૩,૩૪,૦૦૦/–ના ખર્ચે તૈયાર થયેલ સુમન શાળા નં. ૬ (મરાઠી માધ્યમ)ની ઉદઘાટનવિધિ શ્રી શશીકાંતભાઈ દાલીયા, અધ્યક્ષશ્રી,જાહેર બાંધકામ સમિતિના વરદહસ્તે તથા મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાના પ્રમુખપદે સંપન્ન થઈ હતી.

વિજયાનગર ખાતે યોજવામાં આવેલ મુખ્ય સમારોહમાં વિજયાનગર ખાતે સાકારિત થયેલ સુમન સ્કુલની ઉદઘાટનવિધિ જાહેર બાંધકામ સમિતિના અધ્યક્ષશ્રી શશીકાંતભાઈ દાલીયાના વરદહસ્તે કરવામાં આવી હતી. આ પ્રસંગે મ્યુ.કમિશનરશ્રી કુ. એસ.અપર્ણાએ સૌ આમંત્રિત મહેમાનોનું સ્વાગત કરતા જણાવ્યું હતું કે રૂા.૧,૧૩,૩૪,૦૦૦/–ના ખર્ચે તૈયાર થયેલ આ શાળામાં ૧૦ વર્ગખંડો ઉપરાંત સભાખંડ, આચાર્યરૂમ, સ્ટાફરૂમ, લેબોરેટરી, લાયબ્રેરી વગેરેની પણ જાગવાઈ કરવામાં આવેલ છે. શહેરનો વિસ્તાર ૧૧૨ સ્કેવર કીમી થી વધીને ૩૨૬ સ્કેવર કીમી થયો છે. જેમાં સમાવિષ્ટ નવા વિસ્તારોમાં લોકોપયોગી સુવિધાઓ પુરી પાડવા સુરત મહાનગરપાલિકા પુરેપુરી પ્રૂયત્નશીલ છે. ઉધના વિસ્તારમાં છેલ્લા બે વર્ષમાં ૪ પુલો તૈયાર કરવામાં આવ્યા છે. વધુમાં દરેક શાળામાં પગીરૂમ રાખવાની મેયરશ્રી વગેરેની સુચનાને ધ્યાનમાં આખી હવે દરેક શાળામાં પગીરૂમની વ્યવસ્થા કરવામાં આવેલ છે. જેથી શાળાની દેખરેખ બહુ સારી રીતે થઈ શકશે. વધુમાં આ વિસ્તારની જનતાને પણ વિસ્તારમાં આવેલ શાળાઓની કાળજી રાખવાની અપીલ કરી હતી.

અતિથિવિશેષપદેથી મા. નેતાશ્રી,શાસક પક્ષ શ્રી ભીમજીભાઈ પટેલે પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે લોકોને આપેલા વચનો સારી રીતે પુરા કરવાની અમારી નેમ છે. સને ૨૦૦૫માં સુરત મહાનગરપાલિકામાં સતા ઉપર આવ્યા ત્યારથી અમારી ટીમ સુરતે સુરત શહેરનો સર્વાંગી વિકાસ કર્યો છે. હાલ ૧૪ થી વધારે પુલોનું નિર્માણકાર્ય ચાલુ છે. ઉધના ઝોન,લિંબાયત ઝોન અને અઠવાઝોન વિસ્તારમાં શ્રમજીવી વર્ગ મોટા પ્રમાણમાં વસે છે જેઓના સંતાનોને ખાનગી શાળાઓની મોંઘીદાટ ફી પોસાય તેમ નથી જેને ધ્યાનમાં રાખી હવે સુરત મહાનગરપાલિકાએ સુમન હાઈસ્કુલોના નિર્માણનું આયોજન હાથ ધરેલું છે.





Continue …

આ પ્રસંગે સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલે પોતાના પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે બીપીએમસી એકટની જોગવાઈઓ મુજબ પ્રાથમિક શિક્ષણ પુરુ પાડવાની મહાનગરપાલિકાની જવાબદારી છે તેમ છતાં શહેરમાં ઉચ્ચ અભ્યાસ કરતા ગરીબ વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખી વિવિધ ઝોનમાં ૮ જેટલી ઉચ્ચ શિક્ષણ આપતી સ્કુલો શરૂ કરેલ છે. જેમાં આશરે ૬૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહયા છે. તેજસ્વી વિદ્યાર્થીઓ માટે વિવિધ પ્રોત્સાહક પુરસ્કારની યોજના શરૂ કરવામાં આવી છે. જેમાં સુમનશાળાના વિદ્યાર્થી ધોરણ–૧૦માં બોર્ડમાં પ્રથમ દસમાં સ્થાન મેળવે તો રૂા. રોકડા ૧૦,૦૦૦/–, શહેરમાં પ્રથમ ૧૦માં સ્થાન મેળવે તો રૂા.૮,૦૦૦/– અને પોતાની શાળામાં પ્રથમ,દ્વિતીય,તૃતીય સ્થાન મેળવે તો અનુક્રમે રૂા.૨૦૦૦/–,રૂા.૧૮૦૦/– અને રૂા.૧૬૦૦/–ના પ્રોત્સાહક પુરસ્કારોની યોજના શરૂ કરવામાં આવેલ છે. આ ઉપરાંત ઉધના ઝોનમાં છેલ્લા ૪ વર્ષમાં અંદાજે ૧૨૫ જેટલા કેપીટલ કામો કરવામાં આવ્યા છે જેમાં સિમેન્ટ ક્રોંક્રીટના રસ્તાઓ,હેલ્થ સેન્ટરો,શાળાઓ,પાણીની લાઈન,ગટર લાઈન વગેરેનો સમાવેશ થાય છે.

મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાએ તેમના પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે આ સુમન શાળા અંગેનો તમામ ખર્ચ મહાનગરપાલિકાએ કરેલ છે. સામાન્ય વર્ગની જનતાને પોતાના સંતાનોના ઉચ્ચ અભ્યાસની ચિંતા રહેલી છે. તેમની આ ચિંતા દૂર કરવા માટેનો સુરત મહાનગરપાલિકાનો આ એક નમ્ર પ્રયાસ છે. લોકાર્પિત કરવામાં આવેલ આ નવા પુલથી આ વિસ્તારની જનતાનો સમય અને શકિત બંને બચશે. સને ૨૦૦૯–૧૦ના વર્ષ માટે ઉધના ઝોન માટે રૂા. ૩૭ કરોડનું બજેટ નકકી કરવામાં આવેલું છે જે પૈકી અત્યારસુધીમાં વિવિધ વિકાસલક્ષી કામો પાછળ અંદાજે રૂા.૨૦ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે. બીઆરટીએસ પ્રોજેકટની શરૂઆત પણ ઉધનાથી કરવામાં આવેલ છે. આંતરરાષ્ટ્રીય કક્ષાની બસમાં જયારે આ વિસ્તારની પ્રજા પ્રવાસ કરશે ત્યારે તેને ખરેખર આનંદ થશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે અમે સ્વપ્ન બનાવવામાં માનતા નથી તેને પુરા કરવામાં માનીએ છીએ. આ બંને પ્રોજેકટો પુરા કરવા બદલ સોને અંભિનંદન આપ્યા હતા. સુરત મહાનગરપાલિકાને તેની ઉત્કૃષ્ઠ કામગીરી બદલ કુલ ૭ જેટલા રાષ્ટ્રીય એવોર્ડો પ્રાપ્ત થયા છે. આ વિસ્તારમાં તૈયાર થનાર એનએફએલ બાગ તે શહેરનો સૌથી સુંદર બાગ બનશે તેની ખાત્રી આપી હતી.

અંતમા., સમારંભમાં ઉપસ્થિત રહેવા બદલ જાહેર બાંધકામ સમિતિના અધ્યક્ષશ્રી શશીકાંતભાઈ દાલીયા ધ્વારા સૌનો આભાર માનવામાં આવ્યો હતો. આ પ્રસંગે મહાનુભાવો ઉપરાંત વિવિધ સમિતિઓના અધ્યક્ષશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, અધિકારીઓ, મીડીયાનાના પ્રતિનિધિઓ અને વિશાળ સંખ્યામાં જાહેર જનતા ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

TOP

## ભારતના રાષ્ટ્રીય પર્વ એવા પ્રજાસત્તાકદિનની ઉજવણી નિમિત્તે તા.૨૬–૦૧–૨૦૧૦ને મંગળવારનાં રોજ સવારે ૯.૩૦ કલાકે વરાછા ઝોન ખાતે ધ્વજવંદનના કાર્યક્રમનું આયોજન



ભારતના રાષ્ટ્રીય પર્વ એવા પ્રજાસત્તાકદિનની ઉજવણી નિમિત્તે તા.૨૬–૦૧–૨૦૧૦ને મંગળવારનાં રોજ સવારે ૯.૩૦ કલાકે સ્પોર્ટસ કોમ્પલેક્ષ,હાઈટેન્શન લાઈનરોડ,ફુલપાડા,વરાછા ઝોન ખાતે મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાના વરદ્હસ્તે ધ્વજવંદનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે મેયરશ્રીએ પોતાના વકતવ્યમાં જણાવ્યુ હતું કે ૬૧મો પ્રજાસત્તાક દિન નિમિત્તે ધ્વજવંદન કાર્યક્રમ પ્રસંગે હું આનંદ અને ગૌરવની લાગણી અનુભવુ છુ. સમગ્ર રાષ્ટ્ર આજે ૬૧ મો પ્રજાસત્તાક દિવસ હર્ષભેર ઉજવી રહયું છે ત્યારે સુરત પણ ઉલ્લાસ અને ગૌરવ સાથે આ ઉજવણીમાં સામેલ થઈ રહયું છે. ગુજરાત અને સુરત બંને પારાવાર પ્રગતિના પંથે છે, ત્યારે એક અદના સુરતી તરીકે મને આજે બમણો આનંદ થઈ રહયો છે.

દેશના પસંદગીના અગ્રીમ ૬૩ શહેરમાં રાષ્ટ્રીય શહેરી નવીનીકરણની જે યોજના અમલમાં આવી તે અંતર્ગત આ યોજનાના શ્રેષ્ઠ પાલન કરનાર શહેરોને એવોર્ડઝ આપવામાં આવ્યા.આપ સહુ જાણો જ છો કે વડાપ્રધાનની અધ્યક્ષતાવાળા, તાજેતરમાં જ યોજાયેલ આ રાષ્ટ્રીય ગૌરવશાળી એવોર્ડ સમારોહમાં સુરતને ૪ એવોર્ડ પ્રાપ્ત થયા છે. આપણી મહાનગરપાલિકાના ચુનંદા તંત્રના સમગ્ર અધિકારી વર્ગ તેમજ કર્મચારીઓની સહિયારી કામગીરીને પરિણામે આપણે આ ચાર પ્રતિષ્ઠિત પુરસ્કારો મેળવવા ભાગ્યશાળી બન્યા છીએ. તદુપરાંત કેન્દ્રીય ઊર્જા મંત્રાલયનો 'ઊર્જા સંરક્ષણ' એવોર્ડ પણ મહાનગરપાલિકાને જ ફાળે આવતા આપણે પંચ પુરસ્કારોથી પુરસ્કૃત થયા છીએ. શહેરી ગરીબો માટેના આયોજનો,આર્થિક વ્યવહારો તથા ઉર્જા ઉત્પાદન જેવા ક્ષેત્રોમાં સુરત, રાષ્ટ્રીય કક્ષાએ સર્વશ્રેષ્ઠ પુરવાર થયું છે. મહાનગરપાલિકાના સમગ્ર તંત્રને હું આ માટે ધન્યવાદ આપું છું.

પ્રજાસત્તાક દિવસની પરોઢે મને આ વાત દોહરાવવા દો કે, પ્રજાની એટલે કે, આપણી તીવ્ર મહેચ્છા,દોરવણી તથા સહકાર વગર અમારી 'ટીમ મનપા' આ કામ ન કરી શકી હોત.

આપણે કેવળ સંપન્ન કરેલા કામોના વખાણો કરીને કે પારિતોષિક લઈને બેસી નથી રહેવાનું આપણે વિકાસની આ પૂરપાટ ગતિને હજુ વધારે તેજ બનાવવાની છે અને એ માટે સંખ્યાબંધ પ્રકલ્પોની હારમાળા તૈયાર છે. સુરતનો આગામી વર્ષોનો સૌથી મહત્વાકાંક્ષી પ્રોજેકટ છે બી.આર.ટી.એસ.નો જાહેર પરિવહનના આ વિરાટ પ્રકલ્પના બાંધકામના પ્રથમ ચરણની શુભ શરૂઆત ઉધના–સચીન કોરિડોરના શિલાન્યાસ સાથે થઈ ગઈ છે.આવનાર વર્ષોમાં ખુબ ઝડપથી સાકાર થઈ રહેલ અન્ય પ્રકલ્પોની ય આખી એક શ્રેણી આપની સેવા માટે તૈયાર છે, જેમાં ઉત્રાણ– કાપોદ્રા બ્રીજ,દીલ્હીગેટ ફલાય ઓવર બ્રીજ,પાલ પાર્લે પોઈન્ટને જોડતો કેબલ સ્ટેઈડ બ્રીજ વગેરે મુખ્ય છે.આ તમામ સુરતના ટ્રાફિકને હળવો બનાવશે એટલું જ નહી પણ જતે દિવસે સુરતને પુલો તથા ફલાયઓવરોના શહેર તરીકે રાષ્ટ્રીય ઓળખ પણ અપાવશે.ગુજરાત સરકાર તરફથી બે ત્રણ વર્ષમાં મળનાર રૂા.૪૦૦/– કરોડની માતબર સહાયમાંથી બલુન બેરેજ,મીડલ રીંગ રોડ,એલીવેટેડ રોડ, ફુટ ઓવર બ્રીજ,લેઈક ડેવલપમેન્ટ,શહેરી વનીકરણ,વરસાદી પાણીનો સંચય વિગેરે મહત્વકાંક્ષી સ્પેસિયલ પ્રોજેકટ પણ હાથ પર લેવામાં આવશે.

મારા જાગૃત નગરજનો, થોડા વર્ષોમાં સુરતની વસતી ૫૦ લાખને પાર કરી જશે. અમારું તંત્ર આરોગ્ય,પરિવહન,ડ્રેનેજ,પાણી જેવી બેઝિક સુવિધાઓને ૫૦ લાખના શહેર માટે વિસ્તારવા અત્યારથી જ સજજ થઈ રહયું છે. એકવીસમી સદીના પ્રથમ દાયકામાં આપણે કુદરતી આફતોના માર વચ્ચે પણ ભરપૂર વિકસ્યા છીએ. હવે આ બીજા દાયકામાં વિકાસ વધુ આધુનિક ગણતરીપુર્વકનો તથા દીર્ઘદ્રષ્ટિવાળો હશે.આ દાયકામાં બી.આર.ટી.એસ વિકસાવવા ભાગ્યશાળી બનનાર આપણે કદાચ આવતા દાયકામાં મેટ્રો રેલ બનાવવાની તૈયારી કરતા હોઈએ તો નવાઈ નહી.

**Continue …**

 

શહેરનું નવલું નજરાણું બની રહેનાર સ્ટેટ ઓફ ધ આર્ટ એવું સાયન્સ સેન્ટર ગયે જ મહીને માનનીય મુખ્યમંત્રીશ્રીના શુભહસ્તે આપને અર્પણ થયું. તાજેતરમાં સ્મીમેર મેડીકલ કોલેજમાં ' આઈ' બેન્કની ખુબ મહત્વની સુવિધાની પણ આપણે શુભ શરૂઆત કરી.હમણાં જ ચાલી રહેલ પુસ્તક–બાગાયત–શિલ્પ મેળો સુરતની ભવ્ય સાંસ્કૃતિક પરંપરા બની રહયો છે.પોલિયો નાબુદી ઝુંબેશ તથા એચ.આઈ.વી. જનજાગૃતિ માટે પણ આપણે નેત્રદિપક કામગીરી કરી રહયા છીએ.સુરતના સાહિત્યિક સપૂત એવા શ્રી ભગવતીકુમાર શર્માનું ભવ્ય સન્માન કરી આપણે હમણા જ ધન્ય અવસરની ઉજવણી કરી છે.

આ સ્વર્ણિમ સંકલ્પનું વર્ષ છે.પ્રત્યેક ગુજરાતીની છાતી ગર્વથી ફુલે એવા આ વર્ષમાં શહેરનો પ્રત્યેક નાગરિક, શહેર,રાજય તથા દેશને સમર્પિત કંઈક નાનકડું કામ કરવાનો ય સંકલ્પ લેશે.આપ સહુ સમક્ષ, સુરતના પ્રથમ નાગરિક હોવાને નાતે, શહેર માટે કંઈક સુંદર કામ કરી છુટવાનો સ્વર્ણિમ સંકલ્પ, મારી ટીમ વતી સૌ પ્રથમ હું કરી રહયો છું. આપ પણ આપના પોતપોતાના સંકલ્પો કરવા તૈયાર રહેજો,કેમ કે સ્વર્ણિમ ગુજરાતના ૫૦ વર્ષ પૂર્ણ થવાની તારીખનું કાઉન્ટ ડાઉન શરૂ થઈ ચૂકયું છે. આજથી બરાબર પંચાણું દિવસ પછી પહેલી મે ૨૦૧૦ ના રોજ આપણે આ ઉજવણી કરી રહયા હોઈશું. તો એ માટે પ્રજાસત્તાક દિનના, આ સપરમા પર્વે, આજથી જ સંકલ્પપૂર્વક તૈયાર થઈ જાવ.

આ જમાનો પી.પી.પી. નો છે પહેલા પ્રેસ,પોલીસ અને પોલીટીકસનો મહિમા હતો પણ હવે પી.પી.પી.ઉર્ફે પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપનો મહિમા છે. આપણે આ બંને પી.પી.પી.ને સાથે રાખીને ત્રીજું પી.પી.પી. હાંસલ કરવાનું છે.એટલે કે પ્રોગ્રેસ,પ્રેસ્ટીજ અને પ્રોસ્પેરીટી. તો ચાલો.... આઝાદ ભારતના ઘડવૈયાઓએ આપેલ બલિદાનનો વંદનપૂર્વક યાદ કરીને,તેમને અંજલિ આપીને, આ પ્રજાસત્તાક દિને ઈર્ષાવૃત્તિ કાઢીને,સઘન પ્રેકટીસ કરીને પ્રેકટીકલ બનીને,સહુની શાંતિ માટે પરમકુપાળુ પરમાત્માને પ્રાર્થના કરીએ અને વધુ મજબૂત બનીએ.

સુરતીઓની ઉડી ધંધાકીય સુઝ વિષે મને પાકો વિશ્વાસ છે આર્થિક સધ્ધરતાની બાબત આપણા પોતાના,પ્રજાના હાથમાં છે નવા સ્વપ્નો,નવા સાહસો અને નવી સ્ટ્રેટેજી લઈને ચાલો, આ પર્વને વધાવીએ.

વરાછા ઝોન વિસ્તારની વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક રજુ કર્યા હતા. આ પ્રજાસત્તાક પર્વની ઉજવણી પ્રસંગે કુમારી સ્વીટી એન. પટેલ, હરમીત રાજુલભાઈ દેસાઈ અને કુમારી પુજા નરેશ ચૌઋષિને આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિરલ સિધ્ધિ મેળવવા બદલ તથા શ્રી કિશન મહેશભાઈ દાલીયા,શ્રીમતિ બકુલાબેન આર. પટેલ, કુમારી હેમાલી દિનેશભાઈ પટેલ,કુમારી આસ્થા ધનેશભાઈ રાઠોડ,શ્રી દિપ ગીરીશભાઈ રેવડીવાલા,શ્રી રૂદ્ર જિજ્ઞેશભાઈ મજીઠીયા,શ્રી કરણ દિલીપકુમાર સાવલાની, કુમારી હિમાની નરેન્દ્રકુમાર ડુગર,કુમારી કૃતિક અશોકભાઈ કહાર,કુમારી પલ્લવી અશોકભાઈ રેતીવાલા, કુમારી કોમલ અશોકભાઈ રેતીવાલા,શ્રી ભાવેશ જશવંત રેતીવાલા,શ્રી મનોજ ડી.ચૌહાણ અને શ્રી મહેશચંદ્ર ઝવેરભાઈ ચલકવાલાને રાષ્ટ્રીય કક્ષાએ વિરલ સિધ્ધિ મેળવવા બદલ મા.મેયરશ્રીના વરદહસ્તે પ્રશંસાપત્ર,સ્મૃતિભેટ અને રોકડ પુરસ્કારથી સન્માન કરવામાં આવ્યું હતું.

ધ્વજવંદન તથા સાંસ્કૃતિક કાર્યક્રમમાં મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા,ડે. મેયર શ્રી કિશોરભાઈ કાનાણી, (કુમાર), સ્થાયી સમિતિના અધ્યક્ષ શ્રી મુકેશભાઈ દલાલ, મ્યુ. કમિશ્નરશ્રી કુ. એસ. અપર્ણા, શાસક પક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલ, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ,માજી મેયરશ્રીઓ, મ્યુ. સદસ્યશ્રીઓ, મ્યુ. અધિકારીશ્રીઓ–કર્મચારીગણ, પત્રકારો, ચેનલ–મિડીયાના પ્રતિનિધિઓ તથા જાહેર જનતા તથા શાળા–કોલેજના વિદ્યાર્થીઓ પણ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી આ રાષ્ટ્રીય પર્વની ઉજવણીમાં સહભાગી થયા હતા.

TOP